**મહે.સુરતના ૦૭માં એડી.સિવિલ જજ અને જે.એમ.એફ.સી.કોર્ટ,સુરત**

રૂમ નં–૨૩, FTC બિલ્ડીંગ, ત્રીજો માળ, અઠવાલાઇન્સ, સુરત

ફોજદારી કેસ નંબર–

**આંક–**

ફરીયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી :

**<u>ગુન્હો : આઈ.પી.સી. કલમ ૨૮૩ મુજબનો</u>**

**–:: <u>ચુકાદો</u> ::–**

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરીયામ માર્ગમા કોઈ વ્યક્તિ માટે ભય અને અંતરાય ઉભો થાય તે રીતે પોતાનું વાહન ભયજનક સ્થિતીમા મુકી ઈ.પી.કોડની કલમ– ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

૨) આરોપી અત્રેની કોર્ટમા હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી આંક–૨ થી પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આંક–૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતા જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ, ઉપરોક્ત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજા જોગવાઈ જોતા ન્યાયના હીતમા આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**–::<u>હુકમ</u> ::–**

આ કામના આરોપીને ક્રિ. પ્રોસી. કોડની કલમ–૨૫૨ મુજબની ઈ.પી.કોડની કલમ–૨૮૩ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામા આવે છે અને આરોપીને રૂ.૧૦૦/–(અંકે રૂપિયા એક સો)પુરા નો દંડ કરવામા આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં વાહન સંબંધે અત્રેની અદાલતમા કોઈ વ્યક્તિએ ક્લેઈમ કરેલ નથી. ક્લેઈમ કરનારની માલીકી સંબંધે ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.–૧૧/૧૨/૨૦૨૧ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

સુરત

તા.–૧૧/૧૨/૨૦૨૧

Sd/–

(આર.એસ.રાઠૌર)

૦૭માં અધિક સીવિલ જજ અને

જ્યુડી. મેજી. ફ. ક., સુરત